બાલ:દેવોભવ:
# જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ની કચેરી
જિલ્લા શિક્ષણ સમિતિ, જિલ્લા પંચાયત,મુ.ઈણાજ જિ. ગીર સોમનાથ
ફોન નં.૦૨૮૭૬ ૨૮૫૪૦૦ ઈ–મેલ girsomnathdpeo@gmail.

સત્યમેવ જયતે

150 YEARS OF CELEBRATING THE MAHATMA

નં/જિપં/જિ.શિ.સ/મકમ/જિ.ફે./કા.શ્રેયાનતા/૮૩૫/૨૦૨૩ તા.૧૧/૦૭/૨૦૨૩

પ્રતિશ્રી,

(૧) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણ સમિતિ,તમામ

(૨) શાસનધિકારીશ્રી,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,તમામ

**વિષય:**–જિલ્લાફેર બદલીથી ગીર સોમનાથ જિલ્લાની પ્રાથમિક શાળાઓના પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં આવવા માંગતા શિક્ષકોની આવેલ અરજીઓનું કામચલાઉ શ્રેયાનતા યાદી પ્રસિધ્ધ કરવા બાબત.

જય ભારત સહ જણાવવાનું કે અન્ય જિલ્લામાંથી ગીર સોમનાથ જિલ્લામાં આવનાર શિક્ષકો દ્વારા જિલ્લાફેર બદલીની અરજી કરેલ છે. તેવા શિક્ષકોએ અરજી સાથે રજુ કરેલ પુરાવાઓને આધારે આ સાથે સામેલ પત્રક ૧ થી ૮ મુજબ કામચલાઉ શ્રેયાનતા યાદી તૈયાર કરેલ છે.આ કામચલાઉ શ્રેયાનતા યાદી આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓ સુધી પહોંચે તે રીતે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી.

વધુમાં, જે શિક્ષકને આ શિક્ષણ વિભાગના તા.૧૧/૦૫/૨૦૨૩ના ઠરાવની જોગાઈ મુજબ કામચલાઉ શ્રેયાનતા યાદીમાં દર્શાવેલ કોઈ વિગત સામે વાંધો કે નામ બાકી રહી ગયેલ હોય અને રીમાર્કમાં બતાવેલ પૂર્તતા હોઈ તેવા શિક્ષકોએ આધારા પુરાવા સાથેની વાંધા અરજી આપના મારફત અત્રેની કચેરીએ તા.૧૫/૦૭/૨૦૨૩ સુધી સ્વીકારવામાં આવશે. આ સમય મર્યાદા પછી આવેલ કોઈ રજુઆત/વાંધા અરજી કે કેમ્પના દિવસે રૂબરુમાં રજુ કરવામાં આવતી રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી.સમય મર્યાદામાં આ કચેરીને મળેલ રજુઆતો/વાંધા અરજીઓની ચકાસણી કરીને કચેરી દ્વારા આખરી શ્રેયાન યાદી તૈયાર કરવામાં આવશે.જે સબંધિત જિ.પ્રા.શિ./શાસનઅધિકરીશ્રીઓ મારફત જાણ કરવામાં આવે છે.

આ કામચલાઉ શ્રેયાન યાદીમાં સમાવિષ્ટ શિક્ષકો પૈકી કોઈ શિક્ષકની જિલ્લા ફેર બદલી થઈ ગયેલ હોય તો બદલીના હુમકની નકલની સાથે વિગતો રજુ કરવા વિનંતી.

આપના જિલ્લાના જે શિક્ષકોએ આ જિલ્લામાં આવવા માટે જિલ્લા ફેર બદલીની અરજી કરેલ છે તેઓને જાણ કરવા વિનંતી.

(ડો.એચ.કે.વાજા)
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
ગીર સોમનાથ

**બિડાણ:**–ગીર સોમાનાથમાં જિલ્લામાં જિલ્લાફેરથી આવનાર શિક્ષકોની કામચલાઉ શ્રેયાનતા યાદી.



Scanned by CamScanner